# વાત ગાંધીનગરની

ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં વાદળો ઘેરાયા હતા પણ ક્યાંક ક્યાંક વરસાદ પડ્યો, કેટલાક વિસ્તારમાં હળવુ ઝાંપટુ પડ્યું તો ક્યાંક માર્ગો ભીના થયા પણ અંતે બફારો વધ્યો. સચિવાલયમાં પણ આજે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની કોરોના ટેસ્ટની પ્રાઈવેટ લેબની ફી ઘટાડવાની જાહેરાત અને રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાની જગન્નાથ મંદિરની મુલાકાત ચર્ચામાં રહ્યા..!

**ઘી ના ઠામમાં ઘી**

રથયાત્રા સંદર્ભે ગઈકાલે જગન્નાથ મંદિરના મહંત દિલિપદાસજીના (અમારી સાથે ગેમ રમાઈ છે) નિવેદનથી રાજકીય ઉત્તેજના ઉભી થઈ હતી. સાથોસાથ સરસપુર મંદિરના મહંત અને એએચપીના ડૉ. તોગડિયાના નિવેદને પણ રાજકીય ઉત્તેજનાને બળ આપ્યુ હતુ. પરંતુ આજે બપોરે રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સમયસૂચકતા વાપરી જગન્નાથ મંદિર પહોંચી ગયા હતા અને મહંત સાથે બંધ બારણે ૪૫ મિનિટથી વધુ સમય ચર્ચા કરી હતી. બાદમાં મહંતે રાજ્ય સરકાર સાથે એમને કોઈ વાંધો વિરોધ નથી એવુ નિવેદન કરતા સરકારમાં હાશકારો અનુભવાયો હતો. ...અંતે ઘી ના ઠામમાં ઘી પડ્યું હતું.

**સચિવાલયમાં બદલીઓના ભણકારા વાગે છે**

રાજ્ય સરકારના ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીની ચર્ચાઓ સચિવાલયની કેબીને કેબીને ચાલે છે. કયા સચિવ, અગ્ર સચિવ ક્યાં મુકાશે એના તર્ત વિતર્ક સચિવાલયમાં ટોક ઓફ ધ સચિવાલય બન્યુ છે. સૂત્રોનું માનીએ તો દિલ્હીથી પણ સમગ્ર બદલીની દરખાસ્તને લીલી ઝંડી મળી ગઈ છે. હવે બે-ચાર દિવસમાં બદલીના હુકમો થઈ જશે એમ મનાય છે. પહેલા તબક્કામાં સચિવકક્ષાની હશે જ્યારે બીજા તબક્કામાં કલેક્ટર, ડીડીઓની હશે એમ પણ જણાવે છે.

**પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો પાટનગરને પણ નડે છે**

છેલ્લા ૧૮ દિવસથી રોજેરોજ વધતો પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો પાટનગરના મધ્યમ વર્ગીય કર્મયોગી પરિવારોને ભારે ખટકે છે. વાંધો-વિરોધ નહી કરી શકતા આ વર્ગમાં ભારે ગણગણાટ છે. મીનાબજાર હોય કે ઓફિસનો કોરીડોર હોય છેલ્લા બે દિવસથી પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની ચર્ચાએ જોર પકડ્યુ છે. ફીક્સ આવક ધરાવતા વર્ગને રોજીંદા વાહન ખર્ચમાં થઈ રહેલા વધારાથી બજેટ ખોરવાયુ છે. એક તરફ ડીએમાં વધારો નથી મળવાનો અને બીજી તરફ સ્કૂટર-ગાડીના ખર્ચમાં વધારો થયો છે.

**આજે કેન્દ્રીય ટીમ ગાંધીનગર આવશે**

કોરોનાના કેસ વધતા કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલની આગેવાની હેઠળ ઉચ્ચકક્ષાની ટીમ ગુજરાતના કેસોની સમીક્ષા કરવા ગાંધીનગર આવી રહી છે. ગુજરાતમાં દેશ કરતા મૃત્યુદર સૌથી વધુ હોવાની ચિંતા કેન્દ્ર સરકારને સતાવે છે.

**અને છેલ્લે...**

મોડીસાંજે પાટનગરમાં મંત્રીમંડળ વિસ્તરણની વાતો વહેતી થઈ હતી. જેમાં વર્તમાન પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને આત્મારામ પરમારને મંત્રીમંડળમાં સમાવવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. જ્યારે વર્તમાન કેબિનેટ મંત્રી આર. સી. ફળદુને વિધાનસભાના અધ્યક્ષ બનાવવાના તર્ક પણ ચાલી રહ્યા હતા.

# હવે ખાનગી લેબમાં ૨,૫૦૦ રૂપિયામાં કોરોના ટેસ્ટ

**ઘરે બોલાવીને સેમ્પલ લેવાશે તો ૩૦૦૦ રૂપિયા ચાર્જ થશે : નક્કી કરેલી કિંમત કરતા વધુ ચાર્જ લેનાર લેબોરેટરીની માન્યતા થશે રદ**

ગાંધીનગર, તા. ૨૫

ખાનગી લેબોરેટરીમાં થતાં કોરોનાની ટેસ્ટની કિંમતમાં રાજ્ય સરકારે ખૂબ મોટો ઘટાડો કરી સામાન્ય વર્ગને રાહત પહોંચાડી છે. કોરોનાના ટેસ્ટીંગની કિંમત અગાઉ રૂ. ૪૫૦૦ હતી તેમાં હવે ઘટાડો કરવામાં આવ્યો છે. ખાનગી લેબોરેટરીમાં હવે રૂ. ૨૫૦૦ માં કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે.

પ્રજાનો કોઈ પણ મુદ્દો હોય સરકાર તેના પર યોગ્ય સમયે નિર્ણય લેતી નથી અને લોકોની રજૂઆતો અને ફિરયાદોની તો કોઈ દરકાર જ ન હોય એ રીતે તંત્ર કામ કરે છે. જોકે પ્રજાલક્ષી ગંભીર મુદ્દાઓ પર કોર્ટ હસ્તક્ષેપ કરે એ પછી સરકાર પ્રજાના લૂંટાઈ ગયા બાદ પગલાં લે એવો જ એક નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. જોકે, મોડે મોડેથી પણ લેવાયેલા આ નિર્ણયથી લોકોને રાહત થશે. રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોનાની પરિસ્થિતિમાં ખાનગી લેબોરેટરી દ્વારા ટેસ્ટીંગની કિંમત રૂ. ૪૫૦૦ લેવાતી હતી તેમાં ઘટાડો કરીને હવે રૂ. ૨૫૦૦ લેવાના રહેશે એવો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે નાગરિકોના આરોગ્યના હિતમાં લીધો છે આ નિર્ણયનો અમલ આજથી જ શરૂ થઈ જશે. કોરોનાના ટેસ્ટીંગની કામગીરી હાલ રાજ્ય સરકારની માલિકીની હોસ્પિટલો અને મેડીકલ કોલેજોમાં વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. અંદાજે દરરોજના ૪૦૦૦ થી ૪૫૦૦ જેટલા ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૦ કેસ નોંધાયા

**કલોલમાં ૬, ગાંધીનગરમાં ૩ અને દહેગામમાં ૧ કેસ : જિલ્લામાં ૧૪,૭૯૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા છે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૦ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગ્રીન ઝોન વિસ્તારોમાંથી આ કેસો સામે આવી રહ્યા છે તેમજ આ દર્દીઓની આયુ અને તેમને કોરોના સિવાયની અન્ય બિમારીઓ પણ બહાર આવતાં આ ચિંતા વધુ ઘેરી બની છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાંથી ૩, દહેગામ અર્બનમાંથી ૧ અને કલોલમાંથી ૬ કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં નોંધાયેલ કેસોમાંથી સારવાર હેઠળ અત્યાર સુધી ૩૩ મોત નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૪,૭૯૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ૧૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી આજે ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.

દહેગામ અર્બનમાંથી ગઈકાલે સાંજે એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ વૃદ્ધને ડાયાબીટીસ અને બી.પી.ની બિમારી પણ હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાં ઉસ્માનાબાદ, નાંદોલી ઉપરાંત અર્બન વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન-૨ ના વિસ્તારમાંથી આજે ૩ મહિલા અને એક પુરૂષ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ઉસ્માનાબાદ ગામેથી એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત નાંદોલી ગામની એક ૬૦ વર્ષીય મહિલાનો પણ રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ મળી આવેલા દર્દીઓ પૈકી ૫ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યારે એક દર્દીને ખાનગી હોસ્પિટલમાં અમદાવાદ ખાતે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ, દશેલા અને કોટેશ્વર ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે દશેલાથી એક ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી છેલ્લા થોડાક દિવસોથી આલમપુર માર્કેટયાર્ડની મુલાકાતે ગયો હોવાનું જાણવા મળેલ છે. હાલ આ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સરગાસણમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા દર્દી આરોગ્ય કમિશનરશ્રીની કચેરીમાં નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે. હાલ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કોટેશ્વરમાંથી એક ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે તેને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાંચ નવા કેસ

**સે. ૨૨ માંથી બે, સે. ૨૪, સે. ૨-એ અને સે. ૭-બી માંથી કેસ મળ્યા : બેંક મેનેજર, ટેક્ષ કન્સલટન તેમજ કોન્ટ્રાક્ટર અને એલઆઈસીના કર્મચારી કોરોનાની ઝપટમાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના પાંચ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૯૭ પર પહોંચી છે.

શહેરમાં આજે સે. ૨૪, સે. ૨-એ, સે. ૭-બી માંથી એક-એક કેસ તો સે. ૨૨ માંથી બે કેસ મળી આવ્યા છે. ગ્રીનઝોન તરીકે ઓળખાતા વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં વધતા જતા કેસો લોકલ ટ્રાન્સમિશનથી વધુ થયાનું તંત્ર હજુ જણાવે છે. જો કે મળેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓ અમદાવાદ સાથે વધુ કનેક્શન ધરાવતા હોવાનું પણ જાણવા મળેલ છે.

આજે સે. ૨૪ માં ઘણા દિવસો બાદ કોરોનાના કેસે દેખા દીધી છે. ટેલરીંગના ધંધા સાથે સંકળાયેલ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨-એ માંથી દેનાબેંકના બ્રાન્ચ મેનેજર તરીકે ડભોડા શાખામાં ફરજો બજાવતા ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.


આ દર્દીએ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તેને મંજૂરી આપી છે.

આ દર્દીના પરિવારના ૩ સભ્યોને પણ તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭-બી માંથી અમદાવાદ રતનપોળ વિસ્તારમાં આવેલ એલ.આઈ.સી. ઓફિસમાં ફરજો બજાવતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૬ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૨ માં આનંદવાટિકા વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨ માં આ બે

● અનુસંધાન પાન-૭ પર



વાદળો ગોરંભાયા... પણ વરસ્યા નહિ...

# જુના સેક્ટરોમાં વરસાદી ભીંજારો જ્યારે નવા સેક્ટરોમાં કોરુ ધાકોર

**બપોરના સમયે જુના સેક્ટરોમાં વરસાદી ઝાપટાના લીધે પાણી ભરાયા : શહેરમાં અત્યાર સુધી સિઝનનો સવા પાંચ ઇંચ વરસાદ નવા સેક્ટરોમાં વરસાદનો છાંટો પણ ન પડયો : વરસાદી મોસમનો વિચિત્ર મિજાજ : નગરજનો બફારાથી ત્રસ્ત**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરમાં આજે મેઘરાજાનો મિજાજ કાંઈક અલગ જ જોવા મળ્યો હતો. બપોરના સમયે આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો નગરના જુના સેકટરો પર હેત વરસાવ્યુ હતુ. જયારે નવા સેકટરોમાં વરસાદનો છાંટો પણ પડયો ન હતો. જુના સેકટરોમાં વરસાદના ભારે ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાઈ ગયુ હતુ. રાહદારીઓએ પણ થોડીવાર માટે માર્ગ વચાળે જ ઉભા રહી જવાની ફરજ પડી હતી. જયારે નવા સેકટરોથી જાણે મેઘરાજા રીસાયેલા હોય તેવુ દ્રશ્ય સ્પષ્ટ થયુ હતુ. દિવસના અંતે સાંજે જુના સેકટરોમાં મેઘરાજાનો મિજાજ જોઈ રેઈનકોટ છત્રી સાથે નિકળેલા નાગરિકોમાં વરસાદનો આ મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

ગાંધીનગરમાં આજે દિવસના વાદળિયા વાતાવરણ બાદ બપોરના સમયે વરસાદ વરસ્યો હતો. પરંતુ નગરના જુના સેકટરોમાં ધોધમાર વરસાદ સાથે નવા સેકટરોમાં વાતાવરણ કોરુ ધાકોર જોવા મળ્યુ હતુ. જુના સેકટરોમાં ધોધમાર વરસાદી ઝાપટાના અંતે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદી ઝાપટાના લીધે માર્ગ પર જતા રાહદારીઓ પણ થોડીવાર માટે ઉભા રહી ગયા હતા. વરસાદના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

જયારે બીજીતરફ શહેરના બલરામ મંદિરથી એક તરફનો વિસ્તાર સદંતર કોરો રહ્યો હતો. આ વિસ્તારમાં વરસાદનો એક છાંટો પણ પડયો ન હતો. જેના લીધે જુના સેકટરોમાંથી રેઈનકોટ છત્રી સાથે નવા સેકટરોમાં પ્રવેશતા નાગરિકો સૌ માટે આશ્ચર્યનુ કેન્દ્ર બન્યા હતા. શહેરમાં અત્યાર સુધીનો સિઝનનો કુલ વરસાદ સવા પાંચ ઈંચ જેટલો થયો છે. જયારે થોડા દિવસો પુર્વે વહેલી સવારે આવેલા તોફાની વરસાદના લીધે નગરનો નઝારો બદલાયો હતો ગગનભેદી વિજકડાકા સાથે વરસાદી મોસમ નિખરી હતી. શહેરમાં પ્રારંભિક વરસાદના અંતે થોડા દિવસોના અંતે વાદળિયા વાતાવરણ વચ્ચે ભીંજારાની મોસમ જોવા મળી રહી છે. પરંતુ છેલ્લા ઘણાં દિવસોથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ જોર ઘટયુ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન પણ નીચે ઉતર્યુ છે.

જયારે આકરા તાપની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં સતત વધતા ભેજની સાથે અસહ્ય ઉકળાટ પણ નગરજનો માટે પરેશાનીનુ કારણ બન્યો છે. સવારથી જ વાતાવરણમાં અસહ્ય બફારાથી પરસેવે ભીંજાતા નાગરિકો મુંઝારો અનુભવી રહ્યા છે. તોફાની વરસાદના આગમન બાદ મેઘરાજા મહેરબાન ન થતા આકરી ગરમીના અંતે હવે નગરજનોની મીટ નભ તરફ મંડરાઈ છે. આજે પણ દિવસ દરમિયાન સવારથી જ અસહ્ય બફારો અનુભવતા નગરજનો

● અનુસંધાન પાન-૭ પર



**દુઃખદ અવસાન**

અમારા પૂજ્ય પિતાશ્રી

**કેશવલાલ ડી. ઉપાધ્યાય**

(નિવૃત નાયબ સચિવ-મહેસુલ વિભાગ)નું તા.૨૩-૬-૨૦૨૦ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે.

વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખી બેસણું રાખેલ નથી. (મો.૯૦૯૯૦ ૫૫૧૦૬)

અરૂણાબેન કેશવલાલ ઉપાધ્યાય (પત્નિ)
વિરલ કેશવલાલ ઉપાધ્યાય (પુત્ર) પ્રેરણા નિરવકુમાર જોષી (પુત્રી)
વૈભવી વિરલ ઉપાધ્યાય (પુત્રવધુ) નિરવકુમાર આર. જોષી (જમાઈ)
તથા સમસ્ત ઉપાધ્યાય પરીવાર

# પુન્ધરામાં વિજળી પડતા બેનાં મોત

ગાંધીનગર, તા. ૨૫

માણસાના પુન્ધરા ગામે વિજળી પડતા ભરવાડ સમાજની બે દિકરીઓના મોત થયા હતા.

ગાંધીનગર-માણસા અને કલોલ તાલુકામાં આજે વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા. આ વરસાદના આગમનથી વાતાવરણમાં ઉકળાટનું પ્રમાણ વધવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાં આજે સાંજે ૮ વાગ્યા સુધીમાં ૫ મી.મી. અને કલોલ તાલુકામાં ૪ મી.મી. જેટલો વરસાદ થયો હતો. જ્યારે ગાંધીનગર તાલુકામાં છુટો છવાયો હળવો વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં સામાન્ય: વરસાદ જુલાઈ માસમાં જ નોંધાતો હોય છે.

# મનપાએ પંચાયતોનો ચાર્જ સંભાળતા પહેલાં વિગતવાર જાણકારી માંગી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની હદ વધારવાના નિર્ણયની સાથે હવે મનપાએ તેની હદમાં ભેળવવામાં આવેલ ગ્રામ પંચાયતોને કોઈ પણ પ્રકારનો ખર્ચ તેની મંજૂરી સિવાય કરવો નહિ તેવી કડક સૂચનાઓ આપી છે.

૧૮ ગ્રામ પંચાયતોના તલાટીઓ સાથે મનપાના અધિકારીઓએ બેઠક કરી આ સૂચનાઓ આપી છે. જો કે હજુ વિધિવત ચાર્જ સંભાળવામાં થોડોક સમય લાગશે. બીજી તરફ રાજયના શહેરી વિકાસ વિભાગે પણ એક પત્ર પાઠવી પંચાયતોના સંકલનમાં રહી અને સેવાઓ જે નાગરિકોને સ્પર્શતી છે તે ચાલુ રાખવામાં આવે તેવી સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે મનપાએ આ તલાટીઓ પાસેથી ૮ જેટલી વિગતો અંગે વિગતવાર લેખીતમાં અહેવાલ પણ માંગ્યો છે અને તે મળી ગયા બાદ આગળ વધવામાં આવશે તેવા સંકેતો પણ આ બેઠકમાં આપવામાં આવ્યા હતા. ગાંધીનગર મહાનગર પાલિકા પાસે સ્ટાફની અછત છે અને તેની ક્ષમતા કરતાં હદ વધારો વધારે કરાયો હોવાથી મુખ્યમંત્રી કક્ષાએ હમણાં મળેલી સમીક્ષા બેઠકમાં પણ સુયોગ્ય સંકલન સાથે આગળ વધવા જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

તલાટીઓ પાસેથી ગ્રામ પંચાયતોના હક્કો વિશે, ગ્રામ પંચાયતોની મિલકતો, પંચાયતના કર્મચારીઓ, ગ્રામ પંચાયતની જવાબદારી, ગ્રામ પંચાયતના કરારો, ગ્રામ પંચાયતના કરવેરા, થયેલી વસુલાત, બાકી વસુલાત સાથે, ગ્રામપંચાયતની અમલી યોજનાઓમાં થયેલી કામગીરી તેમજ તેમાં કેટલું બાકી સહિતની વિગતો આપવા જણાવાયું છે.

ગાંધીનગર મહાનગર પાલિકા હાલ કોવિડ-૧૯ તેમજ ચોમાસાની સીઝન સામે હોવાથી હાલ ચાર્જ લેવાના બહુ મૂડમાં નહિ હોવાનું જાણવા મળેલ છે. જો કે આ ચાર્જ સંભાળે તો મનપાની સ્થિત એક સાંધતા તેર તુટે તેવી સ્થિતિ નિર્માણ થવાનો ભય છે.

# હદ વધારાનો નિર્ણય હવે સમસ્યાઓની વૃદ્ધિ કરનારો બન્યો

**તાલુકા પંચાયતમાં શાસન કોનુ તેની રાજકીય ચર્ચાએ વાતાવરણને વધુ ઉત્તેજીત કર્યુ છે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વધારવાના કરાયેલા હુકમ પછી ગાંધીનગર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં રાજકીય સમીકરણો બદલાયા છે. આ મુદ્દે સત્તાધારી ભાજપમાં પણ મતભેદો પ્રવર્તી રહ્યાની વિગતો બહાર આવી રહી છે.

જિલ્લા પંચાયતની એક બેઠક સંપૂર્ણ નાબુદ થાય છે જ્યારે તાલુકા પંચાયતની નવ બેઠકોને અસર થઈ છે.

જે જિલ્લા પંચાયતની એક બેઠક સંપૂર્ણ મટી જાય છે તેમાં કુડાસણ બેઠકનો સમાવેશ થાય છે જે કોંગ્રેસ પાસે છે. જો કે જિલ્લા પંચાયતમાં સત્તા સમીકરણોમાં તેથી કોઈ મોટો ફેરફાર થતો નથી.

પરંતુ તાલુકા પંચાયતની નવ બેઠકોને અસર થાય છે. જેમાં પાંચ ભાજપ પાસે છે અને ૪ કોંગ્રેસ પાસે છે. આ બેઠકોના સભ્યો આપોઆપ પંચાયતના સભ્યપદ ગુમાવે છે. તાલુકા પંચાયતમાં ભાજપ પાસે સત્તા છે અને તે ગુમાવવાની થાય છે કારણ કે વર્તમાન પ્રમુખની બેઠક આ હદ વધારવામાં સંપૂર્ણપણે આવી જાય છે.

૧૮ પંચાયતોના સરપંચો અને ૨૦૦ થી વધુ પંચાયતોના સભ્ય પણ આપોઆપ મટી જાય છે.

હદ વધારાના આ નિર્ણય પછી જિલ્લા અને તાલુકા પંચાયતોની આવક પર વિપરીત અસરો પડવાની સંભાવના અંગે હાલ કંઈ પણ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના માર્ગો પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓનુ ત્વરિત ટ્રીમીંગ કરવા માંગ

**વરસાદી દિવસોમાં નમી પડેલા ભયજનક વૃક્ષો દુર કરવા પણ અનિવાર્ય : વોક વે પર નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ વોકર્સ માટે પરેશાનીનુ કારણ : સેક્ટરોમાં પણ સ્ટ્રીટ લાઇટના થાંભલા માટે આડશ બનેલી ડાળીઓ દુર કરવા રજુઆત**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સુકા અને ભયજનક વૃક્ષો ઘણીવાર જોખમી પુરવાર થાય છે.જયારે હાલ નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક રસ્તાઓ અને વોક વેના વિસ્તારમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. વનતંત્ર દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે.

શહેરમાં ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે જયારે થોડા દિવસો અગાઉ પણ તોફાની વરસાદના લીધે શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ જયારે શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. વરસાદી દિવસો તોફાની માલુમ પડી રહ્યા છે. ત્યારે હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં સેંકડો વૃક્ષો છે. આવા સંજોગોમાં ઘણાં ઠેકાણે વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ ન થયુ હોવાની ફરિયાદ પણ નાગરિકો ઉઠાવી રહ્યા છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ જાય છે. જયારે વૃક્ષોની તોતિંગ ડાળીઓ નમી પડવાના પણ અનેક કિસ્સા છે. અગાઉના વર્ષો દરમિયાન ચ માર્ગ પર વૃક્ષ જમીનદોસ્ત થતા બાઈક ચાલક યુવાનનુ મોત નિપજયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com